# :: રે.દી.મુ.નં.૦૨/૨૦૨૪ ::

# –:: આંક–પ નીચે હુકમ ::–

**–:: એપીયરંન્સ ::–**

| | | |
|---|---|---|
| વાદીપક્ષે | : | વિધ્વાન વકીલશ્રી એમ.બી.ડાભી |
| પ્રતિવાદી પક્ષે | : | વિધ્વાન વકીલશ્રી જે.એમ.મગદાણી |

(૧) **તકરારી મિલકતનું વર્ણન**

પક્ષકારો વચ્ચે **વિંછીયા તાલુકાના મોટા હડમતીયા ગામે આવેલ ખેતીની જમીન ખાતા નં.૯૬, રે.સ.નં.૧પ પૈકી ૧, હે.આર.એ.૦૬–૭૮–૮૬ વાળી જમીનમાં ખેતીવાડીનું વીજ કનેકશન આપવા બાબતે તકરાર છે.** (જેને હવે પછી આ હુકમમાં દાવાવાળી મિલકત સંબોધવામાં આવેલ છે)

(૧.એ)**વાદીએ માંગેલ વચગાળાની દાદ**

વાદીપક્ષે પ્રતિવાદી સામે દાવાવાળી મિલકત પરત્વે વિજ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ મેળવવાની દાદ માંગતો દાવો દાખલ કરી સાથે સી.પી.કોડના ઓ.૩૯ રૂ.૧ તથા કલમ–૧પ૧ અન્વયે વચગાળાની મનાઈઅરજી રજુ કરી પ્રતિવાદીઓ વાદીની સહમતી વગર ખેતીવાડીનું વીજ કનેકશન કે વીજ પુરવઠો આપવાનો અધિકાર નથી તથા જો વીજ પુરવઠો આપેલ હોય તો તે રદ્દ કરાવવા બાબતનો કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગતી અરજી કરેલી છે.

(૨) **વાદીપક્ષના કેસની ટુંક હકીકત**

વાદીપક્ષે તેમની મનાઈઅરજીના સમર્થનમાં નિ.૪/૧ થી ૪/૮ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીપક્ષના પ્લીડીંગ્સ અનુસાર, દાવાવાળી મિલકત વાદીની સંયુકત માલિકીની છે. દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં .૧ નાઓ પાસે વાદીના ભાઈ પુનાભાઈ જસાભાઈ પલાળીયા તથા આં બાભાઈ જસાભાઈ પલાળીયા નાઓએ વીજ કનેકશન મેળવવા માટેની માં

ગણી કરેલ હતી. જે સંદર્ભમાં વાદીએ તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ સદરહુ વીજ કનેકશન ન આપવા માટેની વાંધા અરજી આપેલ હતી. જે સંદર્ભે વાદીને પ્રતિવાદી નં.૧ તરફથી જણાવવામાં આવેલ કે સંયુકત માલીકીની ખેતીની જમીનમાં વીજ કનેકશન લેવાનું હોય ત્યારે તમામ સહ–હિસ્સેદારો દવારા સહમતી પત્ર આપવાનો હોય છે અને ત્યારબબાદ જ સહહિસ્સ ેદારને ખેતીવાડીનું વીજ કનેકશન આપવામાં આવે છે. ત્યારબાદ, તા.૨૪/૦૧/૨૪ ના રોજ વાદી દવારા પ્રતિ.નં.૧ ની કચેરીમાં આર.ટી.આઈ.ની અરજી આપવામાં આવેલ અને દાવાવાળી જમીનમાં વીજ કનેકશન આપવા માટે શું કાર્યવાહી કરેલ છે અને અન્ય સહહિસ્સેદારો દવારા સહમતી પત્ર આપેલ હતી તે સહમતી પત્ર આપવાની માહિતી માં ગવામાં આવેલ. જે માહિતી માંગતી અરજી પ્રતિ.નં.૧ દવારા તા.૩૧/૦૧ /૨૪ ના રોજ ના–મંજુર કરવામાં આવેલ. જે હુકમની સામે અધિક્ષક ઈજનેર રાજકોટ ની કચેરી માં તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ અપીલ કરવામાં આવેલ હતી. પ્રતિવાદી નં.૧ સાથે વાદીના ભાઈઓએ મેળાપીપણામાં વાદીના નામનું ખોટુ સહમતી પત્રક રજુ કરીને ગેરકાયદેસરરીતે વીજ કનેકશન મેળ વવા પ્રયત્ન કરવામાં આવી રહેલ છે. વાદીના નામના ખોટા ડોકયુમેન્ટ બનાવી સહમતી પત્રકમાં વાદીના નામની ખોટી સહી કરવામાં આવેલ છે જે અંગેની ફરીયાદ પણ વાદી દવારા એસ.પી.સાહેબશ્રી રાજકોટ ને કરવામાં આવેલ હતી. જો પ્રતિવાદીઓ દવારા વાદીના ભાઈઓને વીજ કનેકશન આપવામાં આવે તો વાદીને નુકશાન જાય તેમ છે. જેથી જેથી માં ગ્યા મુજબની વચગાળાની દાદ અપાવવા અરજ કરેલી છે.

(૩) **<u>પ્રતિવાદીપક્ષના કેસની ટુંક હકીકત</u>**

પ્રતિવાદી નાઓએ આંક–૧૦ થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો લ ેખિત જવાબ રજુ કરેલ છે અને વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરીને મુખ્યત: જણાવેલ છે કે, પ્રતિવાદી નં .૧ તથા ૨ નાએ કોઈ જ ગેરકાયદેસર કામ કરેલ નથી. કોઈ પણ ગ્રાહક કનેકશનની માંગણી કરે તો તે સંબંધે જરૂરી કાર્યવાહી કરવાની અમારી ફરજ છે. આ કામે વાદીના ભાઈઓએ વીજ કનેકશન લેતી વખતે સહમતી પત્રક

રજુ કરેલ હતુ  જે અનુસાર વીજ કનેકશન આપવાની કાર્યવાહી આદરેલ હતી. જયારે કે પક્ષકારો વચ્ચે કનેકશન બાબતે કોઈ વિવાદ આવે ત્યારે જો વિવાદ ન સુલટાય તો તેવા વિવાદ ડી.એમ.સાહેબને રીફર કરાતા હોય છે. પ્ર તિવાદીએ હજુ કનેકશન આપેલ જ નથી જેથી નુકશાન જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રતિવાદીએ વિજ વિતરણ કરતી સંસ્થા છે અને તેને દરેક જગ્યાએ ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો હોય છે. પ્ર તિવાદી કંપનીના તમાામ કર્મચારીઓ તેઓને મળેલ સત્તા અને અધિકાર મુજબ હોદ્દાની રૂએ ઓફીસીયલ કેપેસીટીમાં ગુડ ફેઈથથી તમાામ કાર્યવાહી કરતા હોય છે. જેથી વાદી માંગ્યા મુજબની દાદ કે મનાઈ હુકમ મેળવવા હકકદાર નથી.  જેથી  વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહ નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) વાદી તર્ફે વિ.વ.શ્રી. એમ.બી.ડાભી ની મૌખિક દલીલો સાંભળી. વાદી તર્ફે દાવા અરજી મુજબની દલીલો કરેલ છે.  પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી. જે.એમ.ઢ મગદાણી ની મૌખિક દલીલો સાંભળી.  પ્રતિવાદી તર્ફે દાવા અરજીના જવાબ મુજબની દલીલો કરેલ છે.

(૫) અરજી, જવાબ તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા હાલની અરજીના યોગ્ય ન્યાયનિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વેનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની શકયતા છે ?

(૪) શું હુકમ

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદ્દાઓના તારણ ઉપર આવવાના મારા કારણો નીચે મુજબ છે. મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૭.૧) **સી.પી.સીના કાનુની પ્રબંધો**

સી.પી.સી.કલમ–૯૪ તથા ઓર્ડર–૩૯ ના પ્રબંધો જોવામાં આવે તો તેમા એવા પ્રબંધ છે કે જયારે સોગંદનામા કે બીજી રીતે એવુ સાબીત થાય કે દાવાનો કોઈપણ પક્ષકાર તકરારી મિલકત વેડફી નાંખી નુકશાન કરશે અથવા હુકમનામાની બજવણી માટે તે ગેર વ્યાજબી વેચશે કે દગો દેવાના ઉદેશથી મિલકત ખેસડવાની કે નિકાલ કરવાનો ઈરાદો રાખે છે કે વાદીનો કબજો છોડાવી લેવાની કે બીજી રીતે નુકશાન કરવાની ધમકી આપે ત્યારે ન્યાયાલય એવુ કાર્ય થતુ અટકાવવા દાવાનો નિકાલ થતા સુધી કે બીજો હુકમ થતા સુધી મિલકત વેડફાય જતી, નુકશાન થતુ, બીજાને આપી દેવાથી, ખસેડાતી કે નિકાલ થતી બંધ રખાવવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે એટલે કે જયારે પક્ષકારોનો પ્રથમદર્શનીય કેસ હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરીપેરેબલ લોસ જેની તરફેણમા હોય ત્યારે અદાલત તે પક્ષકારની તરફેણમાં રક્ષણાત્મક હુકમ કરી શકે છે.

(૭.૨) નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **૨૦૦૦ (૩) જી.એલ.આર.૨૭૫૯ (અદાણી એકસપોર્ટ વિ.હિન્દુસ્તાન ઓર્ગેનીક કેમીકલ્સ)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' It not necessary for Court to examine merits of the case to ascertain whether plaintiff is likely to succeed ''. નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **૨૦૦૭ (૧) જી.એલ.આર.૭૯ (જયંતીભાઈ મફતભાઈ પટેલ વિ.દિલીપભાઈ બેચરભાઈ પટેલ)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' Before granting ad interim injunction, the

Court required to examine minutely merits of case to ascertain whether plaintiff has prima facie case to succeed ''. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા **૧૯૯૫ (૩) એસ.સી.સી.૩૩ (મહાદેવ સાવલરામ શેલકે વિ.પુણે મ્યુની.કોર્પો)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' While exercising discretionary power, the court should also adopt the procedure of calling upon the plaintiff to file a bond to the satisfaction of the court that in the event of his failing in the suit to obtain the relief asked for in the plaint, he would adequately compensate the defendant for the loss ensued due to the order of injunction granted in favour of the plaintiff ''. આ ચુકાદા મુજબ અદાલત મનાઈહુકમ આપતી વખતે યોગ્ય, ન્યાયી અને વ્યાજબી શરતો મુકી શકે છે. ઉપરોકત કાનુની પ્રબંધો ધ્યાને લઈ સદર અરજીઓ નિર્ણીત કરવામાં આવેલી છે.

(૮) <u>વાદીની મનાઈ અરજીના નિર્ણય અંગેના કારણો (ચર્ચા/મુલ્યાંકન)</u>

હાલની અરજી નકકી કરતા પહેલા સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧ ની જોગવાઈઓ તથા આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે. જયારે સોગંદનામા કે બીજી રીતે એવુ સાબીત થાય કે,

(૧) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈ તકરારી મિલકત વેડફી નાંખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાંની બજવણીમાં તે ગેરવ્યાજબી રીતે વેચાશે એવી દહેશત હોય અથવા

ઉપરોકત આવશ્યકતા મુજબ તકરારી મિલકત કોઈ પક્ષકાર દવારા વેડફાતી હોય અથવા નુકશાન પહોંચાડવામાં આવતુ હોવુ જોઈએ. હાલની વાદીની અરજી જોતા તેમાં એવુ કોઈ પણ જગ્યાએ કથન કરવામાં આવેલ નથી કે પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતને નુકશાન પહોંચાડી રહયા છે અથવા વેડફી રહયા છે. વીજ કનેકશન નાંખવાની કાર્યવાહી થી ખેતરને નુકશાન થઈ રહયુ

છે તેવુ વાદીનું પક્ષનિવેદન નથી. જેથી આવશ્યકતા નં.૧ સંતોષાતી નથી.

(૨) પોતાના લેણદારને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મિલકત ખસેડવાની અથવા તેઓ નિકાલ કરી નાખવાની બીક બતાવતો હોય અથવા તેમ કરવાનો ઈરાદો રાખતો હોય, અથવા

ઉપરોકત આવશ્યકતા મુજબ પ્રતિવાદી મિલકત નો નિકાલ કરવાની કોશિષ કરતા હોય અથવા ધમકી આપતા હોવા જોઈએ. હાલની અરજી મુજબ વાદીનું પક્ષનિવેદન જોતા આવશ્યકતા નં.ર પણ સંતોષાતી નથી.

(૩) દાવામાં તકરારી મિલકતના સંબંધમાં વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપતો હોય

વાદીના પક્ષનિવેદન મુજબ આ આવશ્યકતા પણ સં તોષાતી નથી.

ઉપરોકત ત્રણ માંથી કોઈ પણ આવશ્યકતા સંતોષાતી હોય ત્યારે ન્યાયાલય એવુ કાર્ય થતુ અટકાવવા દાવાનો નિકાલ થતા સુધી કે બીજો હુકમ થતા સુધી મિલકત વેડફાય જતી, નુકશાન થતુ, બીજાને આપી દેવાથી, ખસેડાતી કે નિકાલ થતી બં ધ રખાવવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે. હાલની આંક–૫ ની અરજી વંચાણે લેતા તેમાં વાદી દવારા પ્રતિવાદીઓ ધમકી આપી રહયા છે કે મિલકત ને નુકશાન કરી રહયા છે કે મિલકત નો નિકાલ કરી રહયા છે તેવુ કોઈ કથન કરવામાં આવેલુ નથી. જેથી સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧ ના આવશ્યકત તત્વોની દાવા અરજી તથા આંક–૫ ની મનાઈ અરજીમાં ગેરહાજરી જોવા મળે છે. જેથી પ્રાયમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વેનીયન્સ કે સગવડતા અગવડતા ની સમતુલા વાદીના લાભમાં જણાઈ આવતી નથી. જેથી પ્રથમ દર્શનિય રીતે હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી.

(૮.૧) વધુમાં પ્રતિવાદી સંસ્થા એ વીજ વિતરણ કરતી સંસ્થા છે. અને ઈલેકટ્રીસીટી એકડ અન્વયે પોતાની કામગીરી કરે છે. ઈલેકટ્રીસીટી એકટની કલમ–૪૩ મુજબ પણ પ્રતિવાદી કંપનીની ફરજનો એક ભાગ છે કે કોઈ પણ વ્યકિત અરજી કરેથી તેને વીજ કનેકશન ઉપલબ્ધ કરાવવામાં આવે. પ્રતિવાદી કંપની દવારા વીજ કનેકશન આપવાની કામગીરી એ તેમની કચેરીની વહિવટી પ્રકારની કામગીરી હોય છે અને આવા વહિવટી પ્રકારના કૃત્યો અટકાવવા માટે મનાઈ હુકમ આપી શકાય નહી. વધુમાં GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION (ELECTRICITY SUPPLY CODE AND RELATED MATTERS) REGULATIONS, 2005

ના નિયમ 1.8 મુજબ જયારે વીજ વિતરણની કોઈ બાબતમાં કોઈ વિવાદ ઉત્પન્ન થાય તો તે વિવાદ નો નિવડો લાવવાની હકુમત ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશનને પહોંચે છે અને આ બાબતમાં કમિશન દવારા લેવાયેલો નિર્ણય એ આખરી ગણાય છે.

1.8Procedures to settle disputes.-

1.8.1 In the event of dispute regarding any provisions in the Supply Code between any User and the Distribution Licensee, the matter shall be referred to Gujarat Electricity Regulatory Commission and its decision shall be final.

હાલના કેસમાં વાદી એ માર્ક–૪/૪ વાળી વાંધા અરજી આપેલી છે પરરંતુ તે વાંધા અરજી ઉપર કોઈ હુકમ થયેલ હોય અને તે હુકમને યોગ્ય ફોરમ સમક્ષ ચેલેન્જ કરેલ હોવા બાબતનો કોઈ આધાર–પુરાવો રજુ કરેલ નથી.

(૮.૨) વધુમાં ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૪૫ મુજબ પણ આ કાયદા અન્વયે મળેલ સત્તા મુજબ કરવાનું થતુ કે કરવામાં આવેલ કોઈ કૃત્ય સામે કોઈ કોર્ટ કે અન્ય કોઈ સત્તાધિકારી દવારા કોઈ મનાઈ હુકમ આપવામાં આવશે નહી એવી જોગવાઈ કરવામાં આવેલી છે.

**Sec.145. Civil Court Not To Have Jurisdiction :-**

No civil court shall have jurisdiction to entertain any suit or proceeding in respect of any matter which an assessing

officer referred to in section 126 or an appellate authority referred to in section 127 or the adjudicating officer appointed under this Act is empowered by or under this Act to determine ***and no injunction shall be granted by any court or other authority in respect of any action taken or to be taken in pursuance of any power conferred by or under this Act.***

(૮.૨) જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સદર કામે ઉપરોકત હકીકતો ઘ્યાને લેતા મનાઈહુકમના આવશ્યક તત્વો વાદીપક્ષની તરફેણમાં જણાતા ન હોય જેથી મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ નકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો ન્યાયીક હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

વાદીપક્ષની આંક–૫ ની અરજી રદ ચાંને કે નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૪/૦૪/૨૦૨૪
વિંછીયા

**(કૃતેશકુમાર નરેન્દ્રપ્રસાદ જોષી)**
પ્રિન્સીપાલ સિવિલ જજ, વિંછીયા
**JUDGE CODE NO.GJ01689**